ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૬ ટકા

# શહેરમાં ‘બેજવાબદાર’ વાહન પાર્કિંગની સમસ્યા વકરી...!!

## નડતરરૂપ પાર્કિંગ કરતા વાહન ચાલકોના કારણે શહેરના કોમર્શિયલ વિસ્તારોમાં વારંવાર ટ્રાફિક જામ : બેદરકારીભર્યા પાર્કિંગ સામે કડક પગલાં ભરાય તેવી વાહનચાલકોમાં માંગ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર હવે દિન પ્રતિદિન ટ્રાફિક બાબતે હવે અન્ય શહેરોની જેમ ગીચ બનતું જાય છે. આ સાથે શહેરમાં આડેધડ વાહન પાર્કિંગ કરી આ સમસ્યાને વકરાવનારા બેજવાબદાર વાહનચાલકો પણ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. ગાંધીનગરના વિવિધ કોમર્શિયલ વિસ્તારોમાં અયોગ્ય અને અગવડરૂપ પાર્કિંગના કારણે વારંવાર ટ્રાફિક જામના દશ્યો સાથે કયારેક વાહન ચાલકો વચ્ચે તુ તુ મૈં મૈં ના દશ્યો પણ જોવા મળે છે.

શહેરના વાણિજય વિસ્તારો જેવા કે સેકટર-૧૧ સુમનટાવરની આસપાસનો વિસ્તાર, સે-૧૬ બોકિંગ વિસ્તાર, સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સે-૭ શોપીંગ કોમ્પ્લેક્ષ, ઘ-૬ સર્કલ નજીક, ઘ-૫ સર્કલ નજીક તેમજ ઈન્ફોસિટી કોમ્પ્લેક્ષ વગેરે વિસ્તારોમાં વારંવાર ટ્રાફિક જામ થવાની અને બેદરકારી પૂર્ણ વાહનપાર્કિંગની સમસ્યા વકરતી જાય છે. એમાં પણ આ વિસ્તારના શોપિંગ કોમ્પ્લેક્ષના બેઝમેન્ટ પાર્કિંગ પણ બંધ રાખવામાં આવતા હોવાથી આ સમસ્યા વધુ વણસે છે. ખાસ કરીને સેકટર-૧૧માં મેઘ મલ્હાર શોપીંગ સેન્ટરથી માંડીને રાધે આર્કેડ સુધીનો રોડ અને વિજય શોપીંગ સેન્ટરથી શાલીન કોમ્પ્લેક્ષ સુધીનો વિસ્તાર આડેધડ પાર્કિંગના કારણે વારંવાર ટ્રાફિક જામનો ભોગ બને છે. આજ રીતે સેકટર-૧૬માં બેંક સ્ટ્રીટ તરીકે જાણીતો કોમર્શિયલ વિસ્તાર જેમાં પેટ્રોલ પંપથી માંડીને દેના બેંક સુધીના માર્ગ પર વારંવાર આ પ્રકારની સમસ્યા ઉભી થવા પામે છે. સેકટર-૨૧ના ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટરમાં પણ કલ્પતરુ પેટ્રોલ પંપથી સૌરાષ્ટ્ર ફરસાણ સુધીના માર્ગ પર અને શાક માર્કેટની આસપાસમાં આ સ્થિતિ અનેકવાર સર્જાઈ રહી છે. કેટલાક વાહનચાલકોની વાહન પાર્કિંગ બાબતે બેજવાબદારીના કારણે વિના વાંકે અન્ય અનેક વાહનધારકોને પરેશાનીનો ભોગ બનવું પડે છે. ઘણીવાર તો નડતરરૂપ વાહન પાર્કિંગના કારણે ફસાયેલા આ વાહનચાલકોને પેલા વાહનના ચાલક પરત આવે ત્યાં સુધી રાહ જોવાને કારણે તેમના અગત્યના કાર્યો અટવાઈ પડે છે જેના કારણે વાહનચાલકો વચ્ચે તુ તુ મૈં મૈંના દશ્યો સર્જાય છે. શહેરમાં બેજવાબદાર અને નડતરરૂપ વાહનપાર્કિંગ કરતા વાહનચાલકો સામે કડક પગલાં લેવાય તે અત્યંત જરુરી બન્યું છે.

### વાનચાલકની ‘બેડમેનર્સ’ અંગે ધ્યાન દોરતી ચીઠ્ઠી લખી...!!

સેકટર-૧૧માં સુમટાવર સામે પાર્કિંગ લોટમાં વ્યવસ્થિત રીતે પાર્ક કરાયેલ કાર નીકળી ના શકે તે રીતે પોતાની વાન રોડ પર મુકીને જતા રહેનાર વાહનચાલક પર ગુસ્સે ભરાયેલા કાર ચાલકે વાનચાલકની ‘બેડમેનર્સ’નું ભાન થાય તેવો સંદેશો કાગળમાં લખી વાનના દરવાજે ભરાવ્યો હતો જેથી વાનચાલક પરત આવે ત્યારે તે વાંચી તેને તેની ‘ભૂલ’નો અહેસાસ થાય.









ગુડ ફ્રાઈડેને હોલી ફ્રાઈડે, બ્લેક ફ્રાઈડે અથવા ગ્રેટ ફ્રાઈડે પણ કહેવામાં આવે છે. આ દિવસે તેઓ ઉપવાસ કરે છે. ગાંધીનગરમાં વસતા ખ્રિસ્તી સમુદાય દ્વારા ‘ગુડ ફ્રાઈડે’ના પર્વની ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સે-૮ સહિત શહેરના ચર્ચોમાં વિશેષ પ્રાર્થનાનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી શ્રધ્ધાળુઓએ ભાગ લીધો હતો.

# ઈન્ફોસીટીના બંગલામાં રહેતા દંપતીએ વેપારીને ૩.૬૫ કરોડનો ચુનો લગાવ્યો

## ઈન્ફોસીટીની બે દુકાનો અને એક બંગલો વેચવાની ડીલ કરીને એક વેપારી પાસે રૂ. ૩.૬૫ કરોડ લઈ લીધા પણ દંપતિ હજુ દુકાન કે બંગલાના દસ્તાવેજ કે કબ્જો આપતા નથી : પતિ-પત્નિ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક ઈન્ફોસીટી ખાતે બંગલામાં રહેતા પતિ-પત્નિએ પોતાનો બંગલો અને બે દુકાનો વેચવા કાઢીને અમદાવાદના એક વેપારી સાથે બેઠક કરી ડીલ નક્કી કરીને રૂ. ૩.૬ કરોડ લઈ લીધા હતાં. રૂપિયા લઈ લીધા બાદ વર્ષ ૨૦૧૩માં નોટરી રૂબરૂ લખાણ કરી આપ્યું પણ હજુ સુધી દસ્તાવેજો કે બંગલા-દુકાનોનો કબ્જો પણ આપ્યો નથી. રૂ. ૩.૬૫ કરોડ રૂપિયા ખંખેરી લઈને પતિ-પત્નિએ વેપારીને ચુનો ચોપડી દેતા આખરે વેપારીએ ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં દંપતિ સામે છેતરપીંડી અને વિશ્વાસઘાત અંગે ફરિયાદ આપતા ઈન્ફોસીટી પોલિસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદના જજીસ બંગ્લોઝ વાઈસરોય વીલા ખાતે રહેતા પરેશભાઈ દયાળજીભાઈ પટેલ ડીટર્જન્ટ કોપર મેટલના વેપારી છે. ઈન્ફોસીટી બંગલા નં. એ/૨માં રહેતા નિતિન લલ્લુભાઈ પટેલ સાથે તેમને વર્ષ ૨૦૧૩માં પરિચય થયો હતો ત્યારે નિતિન પટેલ મકાનો તથા દુકાનોની લે-વેચ કરતા હતા તે વખતે નિતિન પટેલે પોતાની બે દુકાનો અને ઈન્ફોસીટીનો બંગલો વેચવાની તૈયારી બતાવતા વેપારી પરેશભાઈએ ઈન્ફોસીટી સુપરમોલ ૧ના બીજા માળે આવેલી બે દુકાન અને તેમનો બંગલો જોઈ નિતિનભાઈના જ બંગલે બેઠક કરી હતી. નિતિન પટેલ અને તેમના પત્નિ અલ્કાબેન બંનેએ બે દુકાનો અને બંગલો મળી ઉચ્ચક રૂ. ૫ કરોડમાં ડીલ માની અને આ પેટે પરેશભાઈએ ૨૫ માર્ચ ૨૦૧૩ અને ૨૬ માર્ચ ૨૦૧૬ના રોજ નિતિન પટેલના બેંક ખાતામાં આર.ટી.જી.એચ. અને નેફટથી રૂ. ૧ કરોડ જમા કરાવતા આ ૧ કરોડનો વેચાણ દસ્તાવેજ કરી આપવાનું જણાવ્યું હતું. નિતિન પટેલ અને તેની પત્નિ અલકા પટેલે તેમની દુકાનો અને બંગ્લોની લોન પુરી થાય પછી પાકો દસ્તાવેજ કરી આપવાનો વાયદો કરી રૂ.૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર વેચાણ કરાર કરી આપ્યો હતો. ત્યાર બાદ ૧ એપ્રિલ ૨૦૧૩થી ૨૨ એપ્રિલ ૨૦૧૪ સુધીમાં નિતિન પટેલના ખાતામાં પરેશભાઈએ રૂ. ૨.૬૫ કરોડ જમા કરાવ્યા હતા.

ત્યારબાદ દસ્તાવેજ કરાવવા અત્યાર સુધી વારંવાર કહેવા છતા વાયદા કર્યા કરતા હતા. પરેશભાઈએ તપાસ કરી તો તેમને જાણવા મળ્યું કે નિરમા લી. કંપનીને નિતિન પટેલ પાસે પૈસા લેવાના નીકળે છે તેની કોર્ટ કાર્યવાહી ચાલુ છે જે અંગે દપતિએ પરેશભાઈને અંધારામાં રાખ્યા હતા. પરેશભાઈએ પતિ-પત્નિ સામે રૂ. ૩.૬૫ કરોડની છેતરપીંડી મામલે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતી પીએસઆઈ ચૌહાણે ચીટર પતિ-પત્નિ સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# કોલવડા ગામના ખેતરમાંથી દારૂ-બિયરનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં એક ખેતરના પરારીમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમી આધારે પેથાપુર પોલિસે દરોડો પાડી ખેતરમાંથી રૂ. ૨૬ હજારની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો હતો. દારૂ-બિયરના જથ્થા સાથે કોલવડાના એક શખ્સની ધરપકડ કરી લઈને પેથાપુર પોલિસે વધુ તપાસ શરુ કરી છે. આ જથ્થો વરસોડા ગામનો દિગો ચાવડા આપી ગયો હોવાનું પ્રાથમિક પુછપરછમાં બહાર આવ્યું છે.

પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈની ટીમને ગઈ કાલે ચોકકસ બાતમી મળી હતી કે કોલવડા ગામમાં રહેતા હિતેન્દ્ર ભરતસિંહ વાઘેલાના કોલવડા ગામની સીમમાં પાંડવનગરની બાજુમાં આવેલા પોતાના ખેતરમાં પરારીમાં દારૂ-બિયર સંતાડેલો છે જે આધારે ખેતરમાં દરોડો પાડી સંતાડેલો ૫૭ નંગ વિદેશી દારૂ અને ૪૨ નંગ બિયર મળી રૂ. ૨૬,૨૦૦નો જથ્થો પકડી પાડયો હતો. પેથાપુર પોલિસે દારૂ-બિયર જપ્ત કરીને હિતેન્દ્ર ભરતસિંહ વાઘેલાની ધરપકડ કરી લીધી છે. આ શખ્સની પુછતાછમાં બહાર આવ્યું છે કે વરસોડા ગામનો દિગ્વિજય ઉર્ફે દિગો ઘનશ્યામસિંહ ચાવડા આ માલ આપી ગયો હતો. પેથાપુર પોલિસે દિગો ચાવડાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.



# સે-૨ પેન્શનર મિત્રોની બેઠકમાં લેવાયેલા નિર્ણયો

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૨માં નિવાસ કરતા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પેન્શનર મિત્રોની માર્ચ માસની બેઠક તા. ૨૭-૩-૨૦૧૮ના રોજ મળી હતી. જેમાં ફેબ્રુઆરી માસની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષનું આવકપત્રક તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીમાંથી તા. ૧-૪-૧૮ પછી અવશ્ય મેળવી લેવું અને વર્ષ ૨૦૧૭-૧૮ વર્ષનો આવકવેરો ભરવાની સમય મર્યાદા તા. ૩૧-૭-૨૦૧૮ છે તે પહેલા ‘આવકવેરા’ રીટર્ન ભરી લેવું. તેમજ મિલ્કતવેરો એપ્રિલ માસ દરમિયાન ભરવાથી વળતર મળે છે તેથી તે પણ અવશ્ય ભરી લેવો. પેન્શનર-સહયોગનું વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષનું લવાજમ ભર્યું ન હોય તો તે ભરવા માટે કાર્યવાહી સમિતિના સભ્યોનો સત્વરે સંપર્ક કરવો અને આગામી એપ્રિલ માસથી બેઠકનો સમય પાંચને બદલે સાડા પાંચ રાખવામાં આવ્યો છે સ્થળ તથા તારીખમાં કોઈ ફેરફાર નથી તેની સે-૨ના પેન્શનર મિત્રોએ અવશ્ય નોંધ લેવી આમ કાર્યવાહક સમિતિના સભ્ય નિરંજન ઓઝાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### રવિવારે બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરનો ૧૪મો સ્થાપના દિન ઉજવાશે

ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના ૧૪મા સ્થાપના દિવસની તા. ૧લી એપ્રિલના રોજ બીએસએફ કેમ્પસ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીમાં બીએસએફ દ્વારા વિવિધ રમતો તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં ‘બડાખાના’ એટલે કે સમૂહભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# રાજય પોલિસ તંત્રમાં એએસઆઈ અને પીએસઆઈની ૨૦૪૮ જગ્યાઓ ખાલી

રાજયના પોલિસ તંત્રમાં પીએસઆઈ અને એએસઆઈની ૨૦૦૦થી વધુ જગ્યાઓ જયારે પોલિસ કોન્સ્ટેબલની ૧૩૦૦૦થી પણ વધારે જગ્યાઓ ખાલી પડી છે. જેથી મહેકમની અછતને લીધે પોલિસની કામગીરીમાં ભારે અસર થઈ રહી છે. કામગીરી પૂર્ણ કરવા એક બે થી વધારે ચાર્જ સંભાળતા કર્મચારીઓ પણ માનસિક તાણ અનુભવી રહ્યા છે. છતાં આળસુ સરકારી તંત્ર પોલિસ ભરતી અંગે કોઈ રસ દાખવતી નથી.

રાજય પોલિસ વિભાગમાં લાંબા સમયથી સંખ્યાબંધ પદો ખાલી પડયા છે. જેથી અનેક જગ્યાઓ પર અન્ય અધિકારીઓ ચાર્જ સંભાળી કામગીરી કરી રહ્યા છે. પરિણામે પોલિસ તંત્રમાં સ્ટાફની ભારે અછત વર્તાઈ રહી છે. જેટલી પોલિસ છે તેમાંથી મોટાભાગની પોલિસ સરકારી બિન સરકારી કાર્યક્રમો અને વી.વી.આઈ.પી. બંદોબસ્તમાં વ્યસ્ત છે. આથી અરજદારોને વારંવાર પોલિસ મથકોના ધક્કા ખાવા પડે છે. પોલિસ તંત્રમાં હથિયારી પીએસઆઈની ૭૬૪ જગ્યાઓ સામે ૨૪૪, બિન હથિયારી પીએસઆઈની ૨૩૮૮ જગ્યાઓ સામે ૮૪૫ તથા એએસઆઈની ૬૩૧૫ જગ્યાઓ સામે ૯૫૦ જયારે પોલિસ લોકરક્ષકોની ૧૩૦૦૦થી પણ વધારે જગ્યાઓ ખાલીખમ પડી છે. કુલ ૧૫૦૦૦થી વધારે જગ્યાઓ ખાલી હોવા છતાં પણ સરકાર આ અછતને દૂર કરવા કોઈ રસ દાખવતી નથી. પરિણામે પોલિસ વિભાગમાં સંખ્યાબંધ અધિકારીઓ જુદા જુદા બે થી ત્રણ ચાર્જ સંભાળી રહ્યા છે. આમ વારંવારના બંદોબસ્ત અને કામગીરીના ભારણથી માનસિક તાણ અનુભવી રહ્યા છે. જો કે રાજયના નવા પોલિસ વડાએ તાજેતરમાં પરિપત્ર કરી ૧૫ દિવસમાં જ ખાલી પદો બઢતીથી ભરી દેવા જણાવ્યું હતું. આથી કેટલાક કર્મચારીઓને રાહત મળશે. પોલિસ તંત્રમાં મહેકમની મોટી ઘટ હોવા છતાં સરકારી પોલિસ તંત્રમાં ભરતી કરવા આંખ આડા કાન કરી રહી છે બીજી તરફ પોલિસમાં જોડાવા ઈચ્છુક યુવાનો પણ સરકારની આ નકારાત્મક નીતિ સામે નિરાશા અનુભવી રહ્યા છે.

### વાતવાતમાં

● શહેરમાં વધી રહેલી ચોરી પોલિસ માટે માથાનો દુખાવો બની છે ત્યારે ચોતરફ સીસીટીવી કેમેરા હોવા છતાં થતી વાહનચોરીથી સ્પષ્ટ થાય છે કે કયાં કયાં સીસીટીવી કેમેરા લાગેલા છે તેની ચોરોને સારી રીતે જાણ છે.

### શહેર જાગૃત નાગરીક પરિષદની બેઠક સોમવારે મળશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરીક પરિષદની બેઠક દર માસના પ્રથમ સોમવારના રોજ મળતી હોય છે. તા.૨જી એપ્રિલના રોજ સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવે ના અધ્યક્ષ સ્થાને સાંજના પાંચ કલાકે સેકટર-૨૧ના નમન એપોર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. તો સંસ્થાના સભ્યો પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

# છેલ્લી ઘડીએ આવકવેરા રીટર્ન ફાઈલ કરવા કરદાતાઓના ઉધામા..!!

## તા. ૩૧મી માર્ચ પછી રીટર્ન ફાઈલ નહી થઈ શકે તેવી ઈન્કમટેક્ષ વિભાગની સૂચનાને કારણે કરદાતાઓ સફાળા જાગ્યા

ગાંધીનગર, તા.૩૦

વાર્ષિક નાણાંકીય વર્ષના અંતિમ દિવસોમાં સરકારી લેવડ-દેવડને લઈ બેંકો, સીએ ઓફિસો તથા એકાઉન્ટને લગતા કામ કરતા એજન્ટોની ઓફિસોમાં ભારે ભીડનો માહોલ જોવા મળ્યો હતો. નાગરિકો આઈ.ટી. રીટર્ન ભરવા પણ ઈન્કમટેકસ ઓફિસોમાં પણ નજરે પડયા હતા. ભારે ગરમી વચ્ચે નાગરિકોએ તાપમાં શેકાઈને પણ કામગીરી કરી હતી.

વાર્ષિક નાણાંકીય લેણ-દેણ માટેનો માસ એટલે માર્ચ. માર્ચ માસની અંતિમ તારીખોમાં સરકારી લેણદેણને લગતી કચેરીઓ રજાઓના માહોલમાં પણ ધમધમી રહી છે. મોટાભાગની સરકારી તેમજ ખાનગી બેંકો ચાલુ હોવાથી ગ્રાહકો બેંકને લગતા કામો લઈ બેંકોમાં મોટી સંખ્યામાં નજરે પડી રહ્યા છે અને ચેક કલીયરીંગ, પાસબુક એન્ટ્રી, બિલ કલીયરીંગ જેવા કામકાજ નિપટાવી રહ્યા છે. બીજી તરફ ચાર્ટડ એકાઉન્ટ (સીએ)ની ઓફિસો તથા એકાઉન્ટને લગતા વિવિધ કામ કરતા એજન્ટોની ઓફિસોમાં પણ છેલ્લા ઘણ દિવસોથી કરદાતાઓની ભારે ભીડ જોવા મળી હતી. રજાઓના માહોલ વચ્ચે પણ ઈન્કમટેક્ષ વિભાગની તમામ કચેરીઓ પણ ખુલ્લી હતી અને કરદાતાઓ પોતાના જરૂરી દસ્તાવેજો સાથે આઈ.ટી. રીટર્ન ભરતા છેલ્લા દિવસોમાં નજરે પડયા હતા. આવતીકાલ ૩૧ માર્ચ નાણાંકીય વર્ષનો અંતિમ દિન હોવાથી પણ આ કચેરીઓમાં કરદાતાઓનો ધમધમાટ જોવા મળશે.

### ગાંધી મિત્રવર્તુળ અને ‘ત્રિદલ’ સંસ્થાના ઉપક્રમે વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધી મિત્ર વર્તુળ-ગાંધીનગર તથા ‘ત્રિદલ’ સંસ્થાના સંયુકત ઉપક્રમે સંજય-તુલા-વિશ્વગ્રામ ‘પડઘાની સંભાવવાનો પ્રદેશ કાશ્મીર’ વિષયે ડંકેશ ઓઝાની ઉપસ્થિતિમાં હરિશંકર પુરાણી સ્મૃતિ વ્યાખ્યાન આપશે.

તા. ૧લી એપ્રિલ ૨૦૧૮ રવિવારે સાંજના ૫.૦૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સેકટર-૨૧ ખાતે યોજાનાર આ વ્યાખ્યાન કાર્યક્રમમાં સૌને ઉપસ્થિત રહેવા ભાનુપ્રસાદ પુરાણીએ નિમંત્રણ પાઠવ્યું છે.

# શહેરમાં સૌ પ્રથમવાર એજ્યુકેશન એક્ષપોનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજયમાં સૌથી વિશાળ અને ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર એજ્યુકેશન એક્ષપોનું આયોજન મહાત્મા મંદિર ખાતે તા. ૧૧, ૧૨, અને ૧૩ મે ના રોજ કરવામાં આવ્યું છે. આ શિક્ષણ અને શિક્ષિત જગતને જોડતો સેતું એટલે આ અનોખો એજ્યુકેશન એક્ષપો.. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે એક્ષપોનું ઉદઘાટન થશે. આ પ્રસંગે શહેર-જિલ્લા તેમજ આસાપાસના શહેરોની તમામ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહેશે.

થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ દ્વારા મહાત્મા મંદિર ખાતે આયોજીત એજ્યુકેશન એક્ષપોમાં અતિથિ વિશેષ તરીકે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ મંત્રી વિભાવરી બહેન દવે હાજર રહેશે. જયારે તા. ૧૧ મે ના રોજ ડો. સંજય રાવલ, કેરીયર ગાઈડન્સ ફોર સ્ટુડન્ટ, તા. ૧૨ ના રોજ ઈન્ટરનેશનલ એજ્યુકેશન એન્ડ ફીચર કેરીયરના એક્ષપર્ટ લેકચર મી. પીલ્લાઈ, તા.૧૩ ના રોજ પરીક્ષિત જોબનપુત્રા એક્ષપર્ટ લેકચર ફોર સ્ટુડન્ટ એન્ડ પેરેન્ટર્સ, તેમજ છેલ્લા દિવસે સ્ટ્રેસ મેનેજમેન્ટનો સેમીનારનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ ત્રિદિવસીય એજ્યુકેશન એક્ષપોમાં ગાંધીનગર જિલ્લા સહિત આસપાસના જિલ્લાની પણ તમામ નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

### ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન પોપટલાલ શાહ, ઉ.વ. ૮૫
- સ્વ. બચીબેન હિરાભાઈ નાયી, ઉ.વ. ૮૪
- સ્વ. મંગલબેન રાવજીજી સોલંકી, ઉ.વ. ૭૫
- સ્વ. અમરતબેન રણજીસિંહ ચાવડા, ઉ.વ. ૫૦